જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૧૮૭૦/૧૮

## (૨) પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની સુચના આધારે તથા અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ડી.આર.ગોહીલ તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના માણસો સાથે વટવા પો.સ્ટે. દાખલ પ્રોહીબીશન સબંધી (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૨૧૯/૧૭ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૨૨૦/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ ના ગુનામાં આરોપી નામે ઈમરાનભાઈ અબ્દુલ્લાખાન જાતે-પઠાણ ઉવ.૩૨, રહે- યાકુબભાઈનું ખેતર નવાપુરા વટવા, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૯૦૧/૨૦૧૮ તા.૨૯/૦૮/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૯/૦૮/૨૦૧૮ ના કલાક ૨૦/૪૫ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા – ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## જુગારનો ગણનાપાત્ર કેશ શોધી સારી કામગીરી કરતી બાપુનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ પ્રોહી/જુગારની પ્રવૃત્તિ નેસ્ત નામુદ કરવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝન સા.નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૪/૦૯/૧૮ નાં રોજ સી.એમ.કાંટેલીયા ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ ડાયમંડ પો.ચોકી બાપુનગર તથા પો.કો.મહેન્દ્રસિંહ શંકરસિંહ બ.નં ૪૦૭૧ તથા લો.ર.ગૌરવરાજસિંહ કિરીટસિંહ બ.ન. ૧૪૨ તથા પો.કો નરેન્દ્રકુમાર ભરતભાઇ બ.નં.૫૩૪૦ તથા લો.ર.કિંજલકુમાર ઘનશ્યામભાઇ બ.નં.૯૯૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઇ. સી.એમ.કાંટેલીયા ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ ડાયમંડ પો.ચોકી નાઓની ખાનગી બાતમી હકીકત આધારે બાપુનગર વૈશાલી ફ્લેટ પાસે જાહેરમાં કેટલાક ઇસમો વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમે છે જે આધારે સદરી હકીકતવાળી જગ્યાએ જઈ રેઇડ કરી ની(૧) રીશકુમાર શંકરલાલ ચૌહાણ ઉ.વ.૩૧ રહે. ૧૮૨ ઇન્દીરાગરીબ નગરના છાપરા કમલ બેકરીની લાઇનમા  બાપુનગર અમદાવાદ શહેર (૨) રાજુભાઇ કિશનભાઇ શર્મા ઉ.વ.૩૩ રહે. ૧૩૭ ઓતંબા સોસાયટી વિધ્યાનીકેતન સ્કુલ સામે નિકોલ અમદાવાદશહેર (૩) ભુપતભાઇ ભુરાભાઇ આહિર ઉ.વ.૪૧ રહે. ૪૧, સતાધાર નગર વિ-૪ લીલાનગરની બાજુમા ઓઢવ  અમદાવાદશહેર નાઓને ઉપરોકત ગુનામાં આજરોજ તા.૨૪/૦૯/૧૮ કલાક ૧૬/૧૫ વાગે પકડી અટક કરી કુલ્લે રૂ.૧૦,૯૫૦/- રોકડા તપાસ અર્થે કબજે કરી તેઓ વિરૂધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ જુગારનો ગણનાપાત્ર કેશ શોધી સારી કામગીરી કરેલ છે.

## (૧) કિ.રુ.૪૫,૪૦૦/- ના મુદામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી મિલ્કત સબંધી ગુનો શોધી કાઢતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જે" ડીવીઝન સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર ડી.આર.ગોહીલ નાઓની સુચના આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ સર્વેલન્સ સ્કોર્ડ માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન શેખાવટી પાર્ક જીયા મસ્જીદ પાસે પહોંચતા ખાનગી બાતમી હકિકત આધારે એક શંકમંદ ઈસમ નામે હબીબબેગ સ/ઓ અકબરબેગ દરગાહીબેગ મિર્ઝા ઉ.વ.૨૯ ધંધો.ફેબ્રીકિશન રહે. મ.નં.૬૫ અલમુસ્તુફાનગર જીયા મસ્જીદ પાસે વટવા અમદાવાદ શહેર હાલ રહે. મ.નં. ૬૧ શેખાવટી પાર્ક જીયા મસ્જીદ પાસે વટવા અમદાવાદ નાઓ પાસે હોવાનુ જણાય આવતા સદરી ઈસમને શેખાવટી પાર્કના નાકે પકડી ઝીણવટભરી કડકાઈથી તપાસ કરતા સદરી ઈસમે જણાવેલ કે બે દિવસ પહેલા તેણે જીયા મસ્જીદ પાસે આવેલ એક કારખાનામાથી એક ઈન્ટરલોક મશીન તથા બે કાપડના ટાકા તથા બે કટર મશીન ચોરેલ જે પોતાના ઘરમા રાખેલ સદરી ઈસમને સાથે રાખી ઘરની ઝડતી કરતા એક ઈન્ટર લોક મશીન જીમેક્સ કંપનીનુ કિ.રૂ. ૨૫૦૦૦/- તથા બે કટર જેમા એક LEJIANG તથા JACK કંપનીના જેની કિ.રૂ. ૯૦૦૦/- તથા બે કાપડના ટાકા એક પીળા કલરનો તથા એક આસમાની કલરના જેની કિ.રૂ.૧૧૪૦૦/- મળી કુલ્લે રૂ.૪૫,૪૦૦/- નો મુદામાલ મળી આવેલ હોય જે વટવા પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નં-૧૨૬/૧૮ ધી આઈ.પી.સી કલમ- ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના દાખલ થયેલ હોય સદરી ઈસમને ઉપરોક્ત ગુનાના કામે તા.૨૪/૦૯/૨૦૧૮ ના કલાક ૧૬/૨૦ વાગે પકડી અટક કરી આગળની વધુ તપાસ પો.સબ.ઈન્સ. એસ.પી.ગોહીલ નાઓ કરી રહ્યા છે.

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ. સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી.ડી.એસ.ચૌહાણ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઈન્સ એ.ડી.ભટ્ટ તથા પ્રો.મ.સ.ઇ પી.પી.પ્રજાપતિ તથા અ.પો.કો મુકેશભાઈ મંગાભાઇ બ.નં ૯૨૨૭ તથા અ.લો.ર હરદીપસિંહ ભગીરથસિંહ બ.નં ૧૩૩૨ તથા અ.પો.કો અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ તથા વુ.લો.ર દિપીકાબેન રામાભાઈ બનં-૮૯૭૩ નાઓ સાથે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.પો.કો મુકેશભાઈ મંગાભાઇ બ.નં ૯૨૨૭ નાઓની બાતમી આધારે "ઓઢવ નાનજીદેશમુખ નગરના ચાર માળીયાના ખુલ્લા મેદાનમાં જાહેરમાં ગોળકુંડાળુ વળી પૈસા પાનાથી હાર-જીતનો જુગાર રમી રમાડતા આરોપીઓ કાર્તીકભાઈ ભુપતભાઈ ઠાકોર ઉવ.૨૨ રહે,મનં-એ/૩૦૭ નરોડા કઠવાડા રોડ ઔડાના મકાનમાં દાસ્તાન સર્કલ કઠવાડા અમદાવાદ શહેર + ૫ =૦૬ નાઓને તા.૨૪.૦૯.૧૮ ના કલાક.૧૬.૩૦ વાગે મળી આવતા તમામ આરોપી તથા આરોપી બહેનોની અંગજડતી માંથી મળી નાણા રૂ. રૂ.૪,૯૫૦/- તથા દાવાના નાણા રૂ.૨૦,૬૧૦/- તથા ચાર મો.ફોન કિ.રૂ. ૨૨,૫૦૦/- તથા એક એકટીવા કિ.રૂ. ૫૫,૦૦૦/- તથા ગંજી પાના નંગ ૫૨ કીમત રૂ.૦૦/૦૦ એમ મળી કુલ્લે કિ.રૂ.૧૦૩૦૬૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ ગયેલ તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે. તા.૨૪.૦૯.૨૦૧૮

## મિલ્કત સબંધી ગુનાના આરોપીઓને પકડી પાડતી ઓઢવ પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.ડી.એસ.ચૌહાણ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓને મિલ્કત સબંધી ગુનામાં સંડોવાયેલ આરોપીઓ તપાસ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપતા સર્વેલન્સ પો.સ.ઈ એ.ડી.ભટ્ટ તથા અ.હે.કો જીતેન્દ્રસિંહ હઠીસિંહ બ.નં-૭૯૭૦ તથા અ.પો.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૪૭૯૯ તથા અ.પો.કો સંદિપકુમાર જયંતીલાલ બ.નં-૧૦૧૬૩ તથા અ.પો.કો ધ્રુવરાજસિંહ અશોકસિંહ બ.નં-૮૭૯૨ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.પો.કો સંદિપકુમાર જયંતીલાલ તથા અ.પો.કો ધ્રુવરાજસિંહ અશોકસિંહ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે "ઓઢવ પો. સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૯૮/૧૮ ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં નાસતા ફરતા આરોપી બહેનો નં-૧. કોમલબેન વા/ઓ કનુભાઇ અંબાલાલ જાતે નાડીયા, ઉ.વ.૨૬ રહે: લાલાભાઇ રબારીના મકાનની સામે, ભવાનીનો ટેકરો, ઓઢવ, અ'વાદ શહેર તથા નં- (૨) હેતલબેન વા/ઓ મનોજભાઈ મુકેશભાઈ નાડીયા, ઉ.વ.૨૩ રહે: બાબુ જોરાની ચાલી, ગજરાનગર, રબારી વસાહત, ભવાનીનગર ટેકારા પાસે ઓઢવ અમદાવાદ શહેર નાઓને ઉપરોક્ત ગુનાના કામે તા.૨૩/૦૯/૨૦૧૮ ના કલાક.૧૫/૩૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.